## પ્રકરણ-૨
## સરેરાશ નોર્મલ બાળક કઇ ઉંમરે શું શીખી શકે?

'સિંચન'નો મુખ્ય આશય એવા મુદ્દાઓ આવરવાનો છે જેમાં બાળક અને વાલી વચ્ચે ખરેખર ગંભીર મનાવૈજ્ઞાનિક બીમારી ના હોય છતાંયે તે ઘણીવાર ચિંતા અને તાણનો વિષય બનતો હોય છે. આવા અનેક મુદ્દાઓ દરેક પેઢીને માટે ઉભરતા જ હોય છે, આજની પેઢી માટે પેરેન્ટીંગ-વાલીપણુંની 'પળોજણો'ના ઉગમ સ્થાન અર્વાચીન બદલાતા કલ્ચર સાથે ઘણો ઘરોબો ધરાવે છે. બાળરોગ નિષ્ણાતોને આવા પ્રશ્નો સાથે ઘણો પનારો પડે છે. તેમાંથી સૌથી સામાન્ય અને લગભગ મોર્ડન વાલીઓને થતી સમસ્યામાં (ખાસ તો બાળકની મમ્મીને) 'ઉસકી સાડી મેરી સાડી સે સફેદ ક્યું?' જેવી મેન્ટાલીટી ઘણો ભાગ ભજવે છે, દરેક માબાપને પોતાનું બાળક જ વિશ્વનું કેન્દ્રબિન્દુ લાગતું હોય છે, તે પોતાની અપેક્ષાઓ પ્રમાણે બાળકનો વિકાસ જોવા મથતા હોય છે અને સહેજેય સહુને પોતાનું બાળક એકદમ સ્માર્ટ, બોલકું અને ઇન્ટેલીજન્ટ હોય તેવી તમન્ના હોય છે. ટી.વી, સમાચારો, જાહેરાતો, અન્ય વાલીઓ સાથેના સંવાદ (ખાસ તો સામાજિક મેળાવડામાં અન્યોની પોતાના બાળકો વિશે 'વધીને' થતી વાતો) વગેરે થકી માબાપની બાળક પ્રત્યેની અપેક્ષા વધારી દે છે. આમાંથી શરૂ થાય છે પોતાના બાળકને શીખવવાની કોશિશો. સારી શીખવવાની કોશિશો જરૂર આવકાર્ય છે પણ સમસ્યા ત્યારે શરૂ થાય જ્યારે બાળકને તેની કુદરતી આવડત અને ઉંમર કરતાં વધુ પડતું શીખવાડાય ત્યારે નિરર્થક તાણ ઉભી થાય છે જે બાળક અને વાલી બંનેને પરેશાન કરે છે. 'ફલાણાનું બાળક આટલું વહેલું બોલતા શીખી ગયું' આટલી ઉંમરે ચાલતા શીખી ગયું, 'અમારું તો હજી સંડાસ પેશાબ વિશે પણ સભાન નથી. જાતે તૈયાર પણ થઇ શકતું નથી, હજુ હાથમાં પેન્સિલ પણ પકડતું નથી' વગેરે મુદ્દાઓની ચર્ચા રોજ-રોજની વાતચીતમાં જરૂર થાય જેથી બીજાઓનું જોઇ પોતાના બાળકને કયારેક 'જબરદસ્તી' પણ કરાય છે. એટલે જેમને પોતાના બાળકની આવી ખૂબ સમસ્યા જણાય તેમણે બાળક સામાન્ય પ્રક્રિયાઓ કયારે શીખે તેની 'નોર્મલ રેન્જ' જાણવી જરૂરી છે.

આ 'નોર્મલ રેન્જ' એટલે એવું કે સરેરાશ બાળક અમુક ઉંમરે અમુક કાર્ય કરી શકે પણ કોઇક બાળક તે કાર્ય ઘણું વહેલું પણ શીખી જાય (તેના વાલીને કોઇ સમસ્યા થતી નહીં જણાય) અને કોઇક બાળક તદ્દન નોર્મલ હોવા છતાંય તે જ કાર્ય મોડેથી પણ શીખી શકે છે. એટલે અમુક કાર્ય મોડેથી શીખનાર વાલીને આ સમજણ હોય અને તેનું બાળક અન્ય પ્રક્રિયાઓમાં સરેરાશ બાળક જેટલું જાણતું હોય તો નિરર્થક ચિંતાઓ અને કોશિશોના શિકાર બનતા નિવારી શકાય.

**આવી અમુક સામાન્ય રીતે ચર્ચામાં આવતી પ્રક્રિયાઓ વિશે જાણીએ:**

- સરેરાશ બાળક દોઢ બે મહિનાની ઉંમરે રમાડનાર સાથે 'રિસ્પોન્સ' આપી સ્મિત કરતાં શીખી જાય. જો અઢી ત્રણ મહિને પણ ના શીખે તો બાળરોગ નિષ્ણાતને બતાવવું.
- સરેરાશ બાળકને ટેકો આપી બેસાડો ત્યારે પાંચ મહિને ડોકી ટટ્ટાર રાખી શકે. છઠ્ઠા મહિના પછી પણ ડોકી ડગડગ્યા કરે તો ડોક્ટરને બતાવવું
- સરેરાશ બાળક છ થી નવ મહિને ટેકા વગર બેસતા શીખી જાય, દસ અગિયાર મહિના પછી પણ ના શીખે તો ડોક્ટરને મળવું.
- સરેરાશ બાળક ૧૦ થી ૧૩ મહિને ઘરમાં ફર્નિચર પકડીને ચાલતું ફરવા માંડે. ૧૫ મહિના પછી પણ આવું ના કરી શકે તો ડોક્ટરને બતાવવું.
- ૧૫ થી ૧૮ મહિના સુધી જાતે અધ્ધર ઊભા રહેતા શીખી જવું જોઇએ.
- ૧૫ થી ૨૪ મહિના સુધીમાં ચાલતા થઇ જવું જોઇએ.
- અન્ય આવડતોની હાજરીમાં ઊંધું પડતા ના શીખે તો કોઇ ચિંતા ના કરવી.
- ૧૦ મહિનાની ઉંમર પછી પણ પોતાનું નામથી બોલવવા છતાં કોઇ પ્રતિક્રિયા ના આપે (હુલામણું નામ તો દરેક બાળકને હોય જ તે નામ વાપરવું) તો ડોક્ટરને મળવું.
- ૧૮ મહિનાની ઉંમર સુધીમાં દસેક શબ્દો ના બોલી શકે. ૨ વર્ષે પોતાના શરીરના અંગો ના બતાવી શકે; અઢી વર્ષે ઘરનાઓ પણ તેની ભાષા ના સમજી શકે. ૩ વર્ષે નાના સામાન્ય વાક્યો ના બોલી શકે અને નાના સામાન્ય પ્રશ્નો ના પૂછે, ચાર વર્ષ પછી પણ ખૂબ તોતડાયા કરે તો ડોક્ટરને મળવું.
- સાત વર્ષ પછી ચોખ્ખું ના બોલે તો ડોક્ટરને મળવું (ચોખ્ખું બોલવાનો અર્થ જે સામાજિક સ્તરમાં ઉછરતું હોય અને ઘરના અન્યો જેટલું ચોખ્ખું બોલતાં હોય તે સ્તરની ભાષાકીય સમજણ અને સ્પષ્ટતાની આશા રાખવી.)
- કોઇ પણ ઉંમરે વધુ પડતું નાકમાંથી બોલે, આરોહ અવરોહ વગર એકરસ સંવાદો કરે, વધુ પડતું મોટેથી બોલે કે વધુ પડતું ધીમું બોલે તો ડોક્ટરને બતાવવું.
- સરેરાશ બાળક ૨ થી અઢી વર્ષે જાતે સંડાસ જઇ શકે પણ તેને બાથરૂમ સુધી દોરી જવું પડે અને કપડાં તથા સફાઇમાં મદદ કરવી પડે. ત્યાં સુધી કદાચ જાતે લાંબો સમય રોકી ના પણ શકે ત્રણ ચાર વર્ષે પણ ના શીખે તો ડોક્ટરને મળવું.
- ઊંઘમાંથી પથારીમાં પેશાબ કરવાની આદત પાંચ વર્ષ પછી પણ રહે તો ડોક્ટરને મળવું. ત્યાં સુધી ધીરજથી કામ લેવું.
- સરેરાશ બાળક ત્રણ વર્ષે ગોળ ચકરડાં પાડી શકે, ચાર વર્ષે ચોરસ દોરતાં, પાંચથી છ વર્ષે ત્રિકોણ પાડતા અને પછી તારા દોરતા શીખે.
- આમ આવા સામાન્ય રીતે ચર્ચામાં મુદ્દાઓ આવે છે. બાળક કઇ ઉંમરે કેટલું શીખે તેની રજેરજ માહિતી બાળરોગ નિષ્ણાત પાસે મેળવી શકાય. ઉપરોક્ત મુદ્દાઓને લઇને ઘણીવાર વાલીઓ અજ્ઞાનતાવશ બાળક પાસે વધુ પડતી અપેક્ષા લઇ વહેલું શીખવાડવા બેસી જઇ અકારણ તકલીફો ઊભી કરે છે.

**યોગ્ય ઉંમરથી પહેલાં વધુ પડતું શીખવાડવાની નિરર્થક કોશિશો અકારણ બાળક અને વાલી બંનેને માનસિક તાણ ઊભું કરશે. બાળકની ઊણપો કરતાં આવડતોને વધારે મહત્ત્વ આપવાથી ઊભો થતો 'પોઝીટીવ એટીટ્યુડ' બાળઉછેરની તાણ ઘટાડે છે.**